(G.P.V.)-1389-2,00,000-09-2015-A-4
H.C.Cirs. Civil.P.P. 13,14, Circular
No. 30, Edition 1903]. Civ.A 27g.

**ફો.કેસ નં. :– ૫૩૦/૨૦૧૩**
**આંક:– ૧૨૨**
**(FILE- C)**

ફરીયાદ તરફની સાહેદી નંબર (*PW No.*        )ની જુબાની

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરું છું કે:–

મારું નામ:– રમેશભાઈ                પિતા/પતિનું નામ:– પોપટભાઈ

ઉ.વ.:– ૫૫

ધંધો:– રીક્ષા ડ્રાઈવીંગ                સરનામુ:– હળવદ તા.હળવદ જી.મોરબી

**સોગંદ આપ્યા.....**

**ફરીયાદ પક્ષે સરતપાસ વિ. એ.પી.પી.શ્રી એ.પી.માલવણીયા**

**(૧)** હું ૨૦૧૩ ની સાલમાં મારી ઓટો રીક્ષા લઈને હળવદ પોલીસ સ્ટેશન પાસેથી નીકળેલ ત્યારે પોલીસે એક તૈયાર પંચનામામાં સહી લીધેલી. શું બાબતનું પંચનામું હતુ તેની મને ખબર નથી. મારી હાજરીમાં પોલીસે કોઈ ડોકયુમેન્ટ કબજે કરેલ હોય તેવું બનેલ નહી. મને મુદામાલ પાવતી નંબર ૫૨/૨૦૦૮ નો આર્ટીકલ નંબર ૧ એક ખાખી પુંઠાનું રજીસ્ટર નોંધ નંબર ૬૫૭૭ થી ૬૯૧૭ વાળું બતાવવામાં આવે છે. જેના પ્રથમ પેજ અને છેલ્લા પેજ ઉપર પંચ નંબર ૧ તરીકે મારી સહી છે. જે હું ઓળખું છું. જે રજીસ્ટર રજુ દાખલ **આંક ૧૨૩** . મને મુદામાલ પાવતી નંબર ૫૨/૨૦૦૮ નો આર્ટીકલ નંબર ૨ થી ૫ બતાવવામાં આવે છે. જે પ્લાસ્ટીકની કોથળીમાં પેક છે જેમાં મારી પંચ નંબર ૧ તરીકે સહી છે. જે હું ઓળખું છું. જે રજુ દાખલ **આંક ૧૨૪** થી **આંક ૧૨૭** . મને એક પંચનામાની ખરી નકલ બતાવવામાં આવે છે. જેમાં પંચ નંબર ૧ તરીકે મારી સહી છે. જે હું ઓળખું છું. જે રજુ દાખલ **આંક ૧૨૮**.

**સરતપાસ પુરી.**

સાહેદને ફરીયાદપક્ષે ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરી વિ. એ.પી.પી.શ્રી દ્વારા સાહેદને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતા, પરવાનગી આપવામા આવે છે.

**સરકારશ્રી તર્ફે ઉલટ તપાસ :– એ.પી.પી.શ્રી. એ.પી.માલવણીયા દ્વારા**

**(૨)** એ વાત ખરી નથી કે, તારીખ ૪/૪/૨૦૦૮ નાં રોજ કલાક ૨૦:૦૦ થી ૨૧:૦૦ દરમ્યાન હળવદ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગું.ર.નં. ૪૭/૨૦૦૮ નાં કામે હળવદ પોલીસ સ્ટેશને અમોને પોલીસે બોલાવતા હાજર થયેલ અને ગુનાના કામે રેકર્ડ કબજે કરવાનું હોય જેથી અમોને પંચમાં રહેવા સમજ કરતા પંચમાં રહેલ. એ વાત ખરી નથી કે, હળવદ પોલીસ સ્ટેશનમાં પદ્યુમનસિંહ મુળરાજસિંહ મોરી હાજર હતા અને તેઓએ તલાટી કચેરી,હળવદ ખાતે રહેતું રેકર્ડ રજુ કરેલ જેમાં એક ખાખી પુઠાનું કાચુ રજીસ્ટર હતુ અને તેના પુંઠા ઉપર ભાગ નં બર ૨૦ નોંધ નંબર ૬૫૭૭ થી ૬૯૧૭ લખેલ હતુ અને અંદરના ખાખી પુંઠા ઉપર મોજે હળવદ નોંધ નંબર ૬૫૭૭ તારીખ ૧૯/૭/૧૯૯૯ થી ભાગ ૧૯ હકકનું પત્રક ગામ નમુના નં. ૬ લખેલ હતુ જે પાના નંબર ૧ થી ૫૦ સુધીનું હતુ અને પાના ઉપર મામલતદાર કચેરી,હળવદ તાલુકો નું

રાઉન્ડ સીલ મારેલ હતુ અને પેજ નંબર ૫૦ માં પાછળના ભાગે સીકકા રજીસ્ટર નંબર ૯૫૭ ગામ નમુના નંબર ૬ હકકપત્રક પાના નંબર ૧ થી ૫૦ તારીખ ૧૯/૭/૯૯ થી મામતદાર હળવદે પ્રમાણપત્ર આપેલ જેના પેજ નંબર ૧ ઉપર ૬૫૭૭ થી નોંધ હતી અને આ રજીસ્ટરમાં નોંધના અનુક્રમ નંબર નોંધનો પ્રકાર તથા ફેરફાર થયેલ સર્વે નંબર તથા તપાસણી કરનાર અમલદારની સહી શેરો હતો અને આ રજીસ્ટરના પેજ નંબર ૨૧ ના પાછળના પેજ ઉપર નોંધ નંબર ૬૭૧૫ નોંધ હતી જેના કોલમ નંબર ૨ માં તારીખ ૨૭/૧/૨૦૦૦ ઘરમેળે વહેંચણ ભાઈઓ ભાગની કરેલ જેમાં પટેલ ગણેશભાઈ દેવજીભાઈના ખાતે એકર ગુંઠા સર્વે નંબર પૈકી પહેલા ૦ = ૦૩૧૭૧૮ તથા ૬ = ૩૫૧૧૧૫ તથા ૨ = ૧૫૧૧૭૧ લખેલ હતુ અને કોલમ નંબર ૪ માં મામલતદાર રેવન્યુ હળવદે તારીખ ૨૮/૨/૨૦૦૦ નાં રોજ શેરો મારેલ તેમજ આ નામની નીચે પટેલ કાનજીભાઈ મોહનભાઈ તથા ૪ નામો લખેલ હતા તેમજ પટેલ ચંપાબેન અણદાભાઈ તથા ૩ નામ લખેલ હતા અને નીચે તલાટી હળવદનો સીકકો અને સહી હતી અને પટેલ ગણેશભાઈ દેવજીભાઈના નામના ખાતામાં ચેકચાક સુધારા વધારા થયેલાનું જણાઈ આવેલ અને આ ખાખી પુઠા વાળા આંક– ૧૨૩ ના અંદરના પુઠા ઉપર તથા પેજ નંબર ૫૦ ના પાછળના પાને અમોએ પંચ તરીકે સહી કરેલ અને પોલીસે આ રજીસ્ટર તપાસ અર્થે કબજે કરેલ. એ વાત ખરી નથી કે, પોલીસે પદ્યુમનસિંહ પાસેથી એક પ્લાસ્ટીકની કોથળીમાં રજુ કરેલ કાગળ ગામ નમુના નંબર ૬ હકકપત્રક પાના નંબર ૨૪ અર્ધ રાઉન્ડ સીલ વાળું કબજે કરેલ અને તેના કોલમ નંબર ૧ માં ૩૦૩૭, ૩૦૩૮, ૩૦૩૯ ની નોંધ હતી જેમાં પ્રથમ નોંધ વેચાણ કરનાર હળવદના સંયુકત ખાતેદારો શંકર તથા કરસન વીગેરે તથા વેચાણ રાખનાર હળવદના દલવાડી રંજનબેન રણછોડભાઈ વીગેરે લખેલ હતુ અને નીચે તલાટી હળવદની સહી હતી અને સર્વે નંબર ૮૧૩ લખેલ હતો આ રીતની વિગતે આંક– ૧૨૪ વાળો હકકપત્રક પોલીસે પંચનામાની વિગતે કબજે કરેલ અને અમોએ પંચ તરીકે સહી કરેલ અને ત્યારબાદ એક બીજું પ્લાસ્ટીકની કોથળીમાં એક કાગળ રજુ કરેલ જે ગામ નમુના નંબર ૬ નું હકકપત્રક હતુ જેનો પાના નંબર ૨૫ હતો અને જમણી બાજુ રાઉન્ડ સીકકો મારેલ હતો અને નોંધ નંબર ૩૦૪૩ લખેલ હતો અને આ નોંધ ખેડુત ખાતેદાર નંબર ૬૬ ના ખાતેદારો પૈકી ઘરમેળે વહેંચણી કરેલ જેમાં દલવાડી સવજી નાનજીના ખાતે સર્વે નંબર ૧૫૭૬ આવેલ તથા નીચે નોંધ નંબર ૩૦૪૪ ની વિગત હતી જે વિગતે આંક–૧૨૫ વાળો હકકપત્રક પોલીસે પંચનામાની વિગતે કબજે કરેલ અને અમોએ પંચ તરીકે સહી કરેલ અને ત્યારબાદ એક ત્રીજું પ્લાસ્ટીકની કોથળીમાં એક કાગળ રજુ કરેલ જેમાં જમણી તરફ રાઉન્ડ સીલ મારેલ હતો અને તેમાં તારીખ ૭/૧/૧૯૮૨ નાં રોજ વેંચાણ આપનાર રહેમાન વાલજી વીગેરે વીગત લખેલ હતી અને સર્વે નંબર ૩૧૯ લખેલ હતો જે વીગતે આંક–૧૨૬ વાળો હકકપત્રક પોલીસે પંચનામાની વિગતે કબજે કરેલ અને તેમાં પંચ તરીકે મેં સહી કરેલ અને ત્યારબાદ એક ચોથી પ્લાસ્ટીકની કોથળીમાં કાગળ રજુ કરેલ જેમાં નોંધ નંબર ૮૦૫ થી ૮૧ ૦ લખેલ અને પાછળ નોંધ નંબર ૮૧૧ થી ૮૧૫ થી લખેલ હતુ અને નોંધ નંબર ૮૧૧ માં ઘાંચી રહેમાન વાલજી તા. ૨૮/૧/૭૪ નીચે તલાટી કમ મંત્રી હળવદ નો સીકકો તથા સહી હતા જે વીગતે આંક–૧૨૭ વાળો હકકપત્રક પોલીસે પંચનામાની વિગતે કબજે કરેલ અને તેમાં પંચ તરીકે મેં સહી કરેલ. એ વાત ખરી નથી કે, અમોની હાજરીમાં પોલીસે આંક–૧૨૩ થી આંક–૧૨૭ વાળા ડોકયુમેન્ટ કબજે કરેલ હોય અને તેમાં અમોએ પંચ તરીકે સહી કરેલ હોય અને તે બાબતનું પંચનામું પોલીસને લખાવેલ અને પંચ તરીકે સહી કરેલ હોય છતા આરોપીઓને બચાવવા સોગંદ

*એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,*
*હળવદ.*

ઉપર ખોટી જુબાની આપુ છું.

**આરોપીઓ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી એન.બી.મહેતા દ્રારા**

(૩) એ વાત ખરી છે કે, મારી આંક–૧૨૩ થી આંક–૧૨૭ વાળા દસ્તાવેજી પુરાવામાં માત્ર સહીઓ લીધેલ. એ વાત ખરી છે કે, સહી કર્યા સિવાયની બીજી કોઈ હકીકત હું જાણતો નથી. એ વાત ખરી છે કે, પંચનામામાં સહી કર્યા સિવાયની અન્ય કોઈ હકીકત હું જાણતો નથી.

**ફેરતપાસ નથી.**

**સ્થળ:– હળવદ.**
**તારીખ:– ૦૨/૦૭/૨૦૨૫**

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

*એડી. ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,*
*હળવદ.*